૩૦/૧૩,૪૦૦

**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૧૨ જૂન, ૨૦૧૧)**

**(સમય : સવારે ૯ : ૦૦ થી ૧૨ : ૦૦)** **સત્સંગ પ્રારંભ**

**નોંધ : પ્રશ્ન પછી આપેલા અંકો તે પ્રશ્નના જવાબના પાના નંબર દર્શાવે છે.** **(કુલ ગુણ : ૧૦૦)**

**વિભાગ - ૧ : ઘનશ્યામ ચરિત્ર - ૨૪મી આવૃત્તિ, એપ્રિલ - ૨૦૧૦**

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** [૯]

૧. ''તમે ઘનશ્યામના પિતાશ્રીને ગામમાંથી બોલાવી લાવો અને બધી વાત કરો.'' (૬૦)

૨. ''અમારા પુત્રોને વગર વાંકે તમારા ઘનશ્યામે માર્યા છે.'' (૮૦)

૩. ''હવે તો એ સૂઈ ગયો છે.'' (૬૭)

**પ્ર.૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૪]

૧. ઘનશ્યામે નાખેલી કેરીઓ કોણ ભેગી કરતું હતું ? (૨૬)

૨. રામદયાળને ભગવાનની ખાતરી થઈ ત્યારે પ્રભુની ઉંમર કેટલી હતી ? (૬)

૩. ઘનશ્યામના વાળ ઉતારવા કોણ આવ્યું ? (૧૫)

૪. ઘનશ્યામની પરીક્ષા કરવા માટે ધર્મદેવે બાજોઠ ઉપર કઈ ત્રણ વસ્તુ મૂકી ? (૮)

**પ્ર.૩ નીચે આપેલા ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો.** [૪]

**નોંધ : સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

ઉદાહરણ :- **વાંદરાને મેથીપાક :** છપૈયામાં ઘનશ્યામ ઓરડામાં જમતા હતા ત્યારે વાંદરો રોટલી ખૂંચવી ડાળે જઈને બેઠો.

જવાબ :- **વાંદરાને મેથીપાક : અયોધ્યામાં** ઘનશ્યામ **ઓસરીમાં** જમતા હતા ત્યારે વાંદરો **પૂરી** ખૂંચવી ડાળે જઈને બેઠો.

૧. **એક સાથે અનેક મંદિરે દર્શન :** ઇચ્છારામભાઈ તો ઘનશ્યામને ગોતવા સીધા શિવમંદિરે પહોંચ્યા. અહીં રામકથા ચાલતી હતી. (૨૯)

૨. **હજારોને જમાડ્યા અને અભિમાન તોડ્યું :** ઘનશ્યામે કહ્યું, 'માતાજી ! મારે આ બાવો બેઠો છે એ સિંહનું ચામડું જોઈએ છે.' (૫૨)

૩. **ગૌરી ગાયની શોધમાં :** 'ઘનશ્યામને કપિલા બહુ વહાલી. કપિલાને બે વાછરડી. એકનું નામ ગૌરી અને બીજીનું નામ ગોમતી. (૬૬)

૪. **માછલીઓ સજીવન કરી:** 'અયોધ્યામાં એક દિવસ ઘનશ્યામે વેણી, માધવ અને પ્રાગને બોલાવીને કહ્યું, 'ચાલો, આપણે નારાયણ સરોવરે નાહવા જઈએ.' (૧૯)

**પ્ર.૪ નીચેના પ્રસંગોમાંથી કોઈ પણ એક પ્રસંગના ફક્ત મુખ્ય પાંચ મુદ્દા (વાક્યના સ્વરૂપમાં) લખો. (વર્ણન કરવાનું નથી)** [૫]

૧. કાલિદત્ત મરણને શરણ (૧૬) ૨. ઘનશ્યામે હિંસા બંધ કરાવી (૪૩) ૩. એકાદશીનો મહિમા (૫૫)

**પ્ર.૫ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો.** [૮]

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. સોળ ચિહ્નો (૪૧)

(૧) ☐ પદ્મ (૨) ☐ ગોપદ (૩) ☐ શંખ (૪) ☐ વ્યોમ

૨. ઘનશ્યામને જનોઈ આપી. (૫૭-૫૮)

(૧) ☐ ઘનશ્યામને આઠ વર્ષ પૂરાં થયાં. (૨) ☐ હરિકૃષ્ણ ઉપાધ્યાયે મુહૂર્ત કાઢી આપ્યું.

(૩) ☐ અયોધ્યાની બરહટ્ટા શેરી આખી શણગારી. (૪) ☐ મામા વશરામભાઈ

૩. ઘનશ્યામે કાન વીંધાવ્યા. (૮-૯)

(૧) ☐ ઘનશ્યામ હવે સાત માસના થયા. (૨) ☐ અમઈ વાળંદ

(૩) ☐ ઇચ્છારામભાઈ આંબલીના ઝાડ પર ચડ્યા. (૪) ☐ મને ગોળ ખાવા આપો તો કાન વીંધાવીશ.

૪. પથ્થર ઉપર પાણીમાં મુસાફરી (૬૧)

(૧) ☐ ઘનશ્યામ પરિવાર સાથે અયોધ્યાથી છપૈયા જતા હતા. (૨) ☐ રસ્તામાં ગંગા નદી આવે.

(૩) ☐ આ નાનકડો બાળક તો ભગવાન રામચંદ્ર જ લાગે છે ! (૪) ☐ અમારા માટે અમારું જુદું વહાણ જોઈએ છે.

**પ્ર.૬ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ)** [૬]

૧. ઘનશ્યામને ઘર છોડી તપ કરવા જવાનું મન થઈ ગયું. (૭૩) ૨. રાજા ગુમાનસિંહ આશ્ચર્યચકિત થઈ ગયા. (૪૧)

૩. ઘનશ્યામે લક્ષ્મીબાઈને પાઠ શીખવવાનું નક્કી કર્યું. (૫૪)

**વિભાગ - ૨ : યોગીજી મહારાજ - ૧૭મી આવૃત્તિ, જાન્યુઆરી - ૨૦૧૦**

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** [૯]

૧. ''તમારું યુવકમંડળ ઘણું વધી જશે.'' (૩૫) ૨. ''કંઈ ઉપદેશ આપો તો સારું.'' (૧૩)

૩. ''આખો દિવસ ભગવાન સંભારે છે.'' (૭)

**પ્ર.૮ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૪]

૧. સેવા કરવામાં યોગીજી મહારાજ શાને નહોતા ગણકારતા ? (૨૬)

૨. મંદિરમાં બાળમિત્રોને ઝીણાભાઈ શું શીખવતા ? (૮)

**(પાછળ જુઓ)**

---

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આ આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને **''સત્સંગ પ્રારંભ''** પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

પરીક્ષાર્થીની જન્મ તારીખ :- તારીખ ☐☐ મહિનો ☐☐ વર્ષ ☐☐☐☐

પરીક્ષા આપી તે તારીખ અને સમય :-

પરીક્ષાર્થીની સહી :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરીસ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત હાજર પરીક્ષાર્થીઓની જ સ્લીપો ભેગી કરીને, પૂર્વ કસોટીના અહેવાલમાં ભરીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે. (અધૂરી વિગત ભરેલી હાજરીસ્લીપ માન્ય નહીં ગણાય)**

૩. ગોંડલ મંદિરમાં યોગીજી મહારાજને કાળો નાગ શરીરમાં ક્યાં કરડ્યો હતો ? (૩૧)
૪. યોગીજી મહારાજને જૂનાગઢના સદ્‌ગુરુ નારાયણદાસ સ્વામીએ કેટલી વખત શું કહેવરાવ્યું ? (૨૧)

**પ્ર.૯ નીચે આપેલ વિષય માટે સૂચના મુજબ છ સાચા ક્રમ નંબર તથા તે સાચા ક્રમ નંબરને ઘટનાક્રમ પ્રમાણે ગોઠવો.** [૬]

**વિષય : શાસ્ત્રીજી મહારાજ સાથે પ્રથમ મિલન (૧૩)**

**૧.** શાસ્ત્રીજી મહારાજ આઠ વાગ્યે ઊઠ્યા. **૨.** ઝીણા ભગત કૃષ્ણચરણદાસ સ્વામીના મંડળમાં હતા. **૩.** સદ્‌ગુરુ કૃષ્ણચરણદાસ સ્વામીનું મંડળ ભાવનગર ગયું. **૪.** સં.૧૯૭૨, શ્રાવણ સુદ ૧૫ને દિવસે ઝીણા ભગતનું શાસ્ત્રીજી મહારાજ સાથે પ્રથમ મિલન થયું. **૫.** જાદવજીભાઈએ શાસ્ત્રીજી મહારાજને વાત કરી કે સંતો દર્શન કરવા આવ્યા છે. **૬.** શાસ્ત્રીજી મહારાજ આજી નદીમાં નહાવા ગયા. **૭.** ઝીણા ભગતે રાજકોટમાં જાગા ભગતને ઘરે ઉતારો કર્યો. **૮.** એક દિવસ શાસ્ત્રીજી મહારાજ રાજકોટ પધાર્યા. **૯.** ઝીણા ભગતે અને સંતોએ ગુણાતીતાનંદ સ્વામીની પ્રસાદીની માળા અને તુંબડી શાસ્ત્રીજી મહારાજને ભેટ ધર્યાં. **૧૦.** ઝીણા ભગત અને સંતો કૃષ્ણજી અદાના ઘરે ગયા. **૧૧.** ઝીણા ભગતે વિચાર્યું, 'ગુરુ તો શાસ્ત્રીજી મહારાજને જ કરવા.' **૧૨.** ઝીણા ભગતે શાસ્ત્રીજી મહારાજને હાર પહેરાવી ચંદનની અર્ચા કરી.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **(૧) ફક્ત સાચા નંબરો** | | | | | | |
| **(૨) યથાર્થ ઘટનાક્રમ** | | | | | | |

**સૂચના : (૧) ફક્ત સાચા નંબરોમાં તમામ છ નંબરો સાચા હશે તો જ ૩ ગુણ મળશે. (૨) યથાર્થ ઘટનાક્રમ પણ સંપૂર્ણ સાચો હશે તો જ ૩ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**પ્ર.૧૦** 'અંધારખંડને અજવાળ્યો' (૪૪) - **પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક)** [૫]

**પ્ર.૧૧ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ)** [૬]

૧. ઝીણા ભગત પર સદ્‌ગુરુ કૃષ્ણચરણદાસ સ્વામી રાજી થયા. (૧૧, ૧૨)
૨. યોગીજી મહારાજનું જીવન સૌને સેવાભાવી થવાનું શીખવે છે. (૨૪)
૩. યોગીજી મહારાજે ચુમ્મોતેર વર્ષની વૃદ્ધ અવસ્થાએ આડત્રીસ દિવસમાં બ્યાંશી ગામડાંમાં પધરામણી કરી. (૪૦)

## વિભાગ - ૩ : કિશોર સત્સંગ પ્રારંભ - ૧૭મી આવૃત્તિ, ડિસેમ્બર - ૨૦૦૯

**પ્ર.૧૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૪]

૧. શ્રીજીમહારાજના સાચા શિષ્ય શાની તકરાર ન કરે ? (૪૦)
૨. મુસલમાન બાઈએ દાતણ કોના માટે રાખ્યા હતા ? (૨૫)
૩. અજામિલને તેડવા આવેલા યમદૂતો શાથી ચાલ્યા ગયા ? (૨)
૪. વાઘને જોઈ અખંડાનંદ સ્વામીને કેવો વિચાર આવ્યો ? (૧૪)

**પ્ર.૧૩ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો.** [૮]

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. શૂરવીર બાલભક્ત (૧૦)
(૧) ☐ બાપાએ સ્વામિનારાયણ નામ લેવાની ના પાડી. (૨) ☐ દાદાએ સ્વામિનારાયણ નામ લેવાની ના પાડી.
(૩) ☐ હું ગાડું ઉલાળીને તને મારી નાંખીશ. (૪) ☐ હું રથ ઉલાળીને તને મારી નાંખીશ.

૨. શ્રીજીમહારાજે પોતાની મૂર્તિ પધરાવી. (૭)
(૧) ☐ અમદાવાદ (૨) ☐ ગઢડા (૩) ☐ વડતાલ (૪) ☐ જૂનાગઢ

૩. નાથ ભક્ત (૪૪)
(૧) ☐ ભેગા થયેલા પૈસા મહારાજને આપતા. (૨) ☐ પુત્રનું નામ પ્રભુદાસ
(૩) ☐ નાથભક્તને સમાધિ થતી (૪) ☐ પત્ની ધામમાં ગયાં.

૪. જોધો ભરવાડ (૨૩)
(૧) ☐ ગામ હતું નાની બરાઈ (૨) ☐ જીવુબા, લાડુબા દૂધ બાળી દે છે.
(૩) ☐ વ્રજના ગોપ જેવી ભક્તિ (૪) ☐ કોયલી, કાટુડી અને જાંબુડી

**પ્ર.૧૪ નીચે આપેલાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો.** [૪]

૧. મહારાજે વાસુર ખાચરને ........................... દંડ ન કરવાની આજ્ઞા કરી. (૩૬)
૨. ડુંગર ભક્તે ............... વર્ષની ઉંમરે ઘર છોડ્યું. (૩૯)
૩. સહજાનંદ સ્વામીને આપણે ................ કહીએ છીએ. (૪)
૪. શ્રીજીમહારાજે સામત પટેલ પાસે ................... માગ્યા. (૨૧)

**પ્ર.૧૫ નીચે આપેલાં કીર્તન / અષ્ટક / શ્લોકની ખૂટતી કડીઓ પૂરી કરો.** [૮]

૧. ભાવ ધરીને ....... બ્રહ્મ અને પરબ્રહ્મ. (૪૯)
૨. અથાણાં શાક ....... બનાવી સારી. (૨૩)
૩. ઉત્તિષ્ઠોત્તિષ્ઠ ! હે નાથ ....... પરં કુરુ. (૯)
૪. અમે સૌ શ્રીજીતણા પુત્રો ........ ગુણાતીત સ્વામી. (શૌર્યગીત)

**પ્ર.૧૬** 'કેટલાકને મન રમાડે ..... ' (૩૬) - **'સ્વામીની વાત' પૂરી કરી તેનું નિરૂપણ કરો. (પંદરેક લીટીમાં)** [૫]

**પ્ર.૧૭** 'પૂંજો ડોડિયો' (૪૧) - **પ્રસંગના ફક્ત મુખ્ય પાંચ મુદ્દા (વાક્યના સ્વરૂપમાં) લખો. (સળંગ વર્ણન કરવાનું નથી)** [૫]

❋ ❋ ❋

**નોંધ :- આ પ્રશ્નપત્રમાંથી થોડા-ઘણા પ્રમાણમાં પ્રશ્નો તા. ૧૦ જુલાઈ, ૨૦૧૧ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે. અભ્યાસક્રમના પુસ્તકની છેલ્લી આવૃત્તિનો જ ઉપયોગ કરવો. મુખ્ય પરીક્ષામાં જવાબવહીમાં વધારાના પાના જોડીને તેમાં લખેલા ઉત્તર માન્ય ગણાશે નહિ.**